પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે
ધોરણ ૧૨ પાસ બિનતાલીમી વિધ્યા સહાયકની
ભરતી અંગેની નીતિ રદ્દ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૧૦૩-જીઓઆઇ૭-ક
તારીખઃ- -૨-૨૦૦૫ 3 FEB 2005

સંદર્ભ :-
૧. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૨. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૦૩નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૧૦૩-જીઓઆઇ૭-ક

ઠ રા વ

સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે., અને સંદર્ભ-(૨) માં જણાવેલ ઠરાવથી પસંદગીના જિલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે ધોરણ ૧૨ પાસ બિનતાલીમી વિધ્યા સહાયકની ભરતી અંગેનો ઠરાવ કરવામાં આવેલ છે.

રાજયમાં તાલીમી ઉમેદવારોની ઉપલબ્ધિ પૂરતા પ્રમાણમાં થવાના કારણે, બદલાયેલા સંજોગોને ધ્યાનમાં રાખતા બિનતાલીમી વિધ્યા સહાયકની ભરતી કરવી પ્રાથમિક શિક્ષણના વ્યાપક હિતમાં યોગ્ય ન જણાતા, પુખ્ત વિચારણાને અંતે ધોરણ ૧૨ પાસ બિનતાલીમી વિધ્યા સહાયકની ભરતી અંગેની નીતિ અંગેનો સંદર્ભ (૨) માં જણાવેલ ઠરાવ આથી રદ્દ કરવાનુ સરકાર ઠરાવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બચુભાઇ નાયી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
- સર્વ શાશનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગરપંચાયત.

(પ્રાથમિક શિક્ષણ નિયામક મારફત)

- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય ગાંધીનગર
- માહિતી નિયામક,ગુજરાત રાજય,ગાંધીનગર-રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.